# સર્ગ પાંચમો

# ક્ષુદ્ર પ્રાણના દેવતાઓ

## વસ્તુનિર્દેશ

રાજા અશ્વપતિ હવે ક્ષુદ્ર પ્રાણના સામ્રાજ્ય આગળ આવી ઊભો. રૂઢ રૂપોવાળી, નિશ્ચિત તેમજ સંકુચિત શક્તિની એ સૃષ્ટિ અનંતતાના એક દુ:ખપૂર્ણ ખૂણામાં આવેલી હતી. આસપાસ ધુમ્મસથી ઘેરાયેલી એ સત્ય, આત્મા અને પ્રકાશથી બચેલી રહેતી હતી.

તેજની કટાર જેવી દૃષ્ટિથી જોતાં રાજાએ ત્યાં હજારો સત્ત્વો જોયાં. અંધારાની આડશમાં રહી તેઓ પોતાના કાવાદાવા કરવામાં ને નાની નાની તરકીબો રચી વિનોદ કરવામાં રત રહેતાં હતાં. અધમતામાં તેઓ આળોટતાં, ગંદકીથી ભરેલાં રહેતાં અને કઢંગા જાદૂઈ ઢંગથી કરતૂકો કર્યા કરતાં. ભૂત, પિશાચ, જીન, પરિસ્તાનીઓ, અર્ધપશુ, અર્ધદેવ, પતિતાત્માઓ અને બંદિ બનેલી દિવ્યતાઓ ત્યાં દૃષ્ટિગોચર થઈ. એ સૌના વિપરીત કાર્યથી હર્ષ દુ:ખમાં પલટાઈ જતો, એમની ઝેરી ફૂંકથી જ્યોતિપ્રદીપ બુઝાઈ જતો, એમનો પ્રેરાયો જીવ કાળા કીચડમાં પડતો ને વિનાશને પંથે વળતો.

જ્યાં આત્મારહિત મન હોય છે, જ્યાં જીવનોને સાચું માર્ગદર્શન મળતું નથી, જ્યાં માણસો ક્ષુદ્ર દેહાભાસમાં જ રહે છે, જ્યાં પ્રેમ નથી, પ્રકાશ નથી, ને જ્યાં ઉદારતાનો અભાવ છે ત્યાં ત્યાં એ અધમ સત્ત્વો પહોંચી જાય છે ને પોતાનું મલિન કાર્ય આરંભી દે છે.

જ્યાં સુધી માણસ અજ્ઞાન અવસ્થામાં રહે છે, પરમ જ્યોતિથી દૂર હોય છે, એનામાં દિવ્ય સંવાદિતા આવી હોતી નથી, અકાળનો ને અનંતનો આનંદ એના અનુભવમાં આવ્યો હોતો નથી, જીવનમાં જડતાનું શાસન ચાલતું હોય છે, આપણો બદ્ધ આત્મા મુક્ત થયો હોતો નથી ત્યાં સુધી અધોભુવનના ગર્તોનો પ્રભાવ પોતાનું અપવિત્ર કાર્ય કરી શકે છે. પરંતુ એક મહાસમર્થ હસ્ત જ્યારે અજ્ઞાનના આભામંડળને હડસેલી આઘું કરે છે ને આપણામાં અનંતદેવ સાન્તનાં કાર્યો પોતે કરવા માંડે છે ને આપણી પ્રકૃતિ પ્રકાશમાં પ્રવેશ કરે છે ત્યારે બધું બદલાઈ જાય છે અને આ

અધોભુવનનું જીવન દુઃસ્વપ્ન પેઠે સમાપ્ત થઈ જાય છે.

પ્રાણમાં કાર્ય કરતું મન એક વિચાર કરતા કઠપૂતળા જેવું છે. માણસને પ્રવર્તાવનાર બળો જોઈ શકાતાં નથી. જ્યોતિનું અનુકરણ કરનાર એ બળોનો પ્રભાવ અંધકારમાં રહેલા જીવો ઉપર પડે છે. ઉચ્ચતર સત્ય સામે એમનો બળવો હોય છે ને આસુરી શક્તિઓ જ એમને અધીન રાખે છે. અધમ જીવનો એમની બનાવેલી ઇમારતો છે. કામનાકીચડમાં એ આપણને ગરક કરે છે, જીવનની ક્ષુદ્રતાના રંગોએ ભર્યું કરુણાન્ત નાટક એમની પ્રયોજના છે, ને આ ઝેરવેરનું, વાસનાઓનું, રોષોનું, ક્ષુદ્ર નાટક ભજવતો ભજવતો માણસ અંતે મરણશરણ થઈ જાય છે.

પૃથ્વી ઉપર ચેતન પ્રકટયું ત્યારથી માનવપશુનું જીવન આ ક્ષુદ્રતાના રોગનો ભોગ બનતું આવ્યું છે. એની નાનકડી સફળતાઓ આત્માની નિષ્ફળતાઓ છે. જીવન જીવવા માટે કષ્ટો ભોગવવાં પડે છે ને અંતે મૃત્યુ રૂપ વેતન આપવું પડે છે.

વખતો વખત આત્માનો ઉચ્છ્વાસ આવે છે, પણ થોડી વારમાં જ તે પાછો વળી જાય છે. માણસ એને ધારવાને સમર્થ હોતો નથી, લડતો - ઝઘડતો માણસ સંહારની રમતો રમતો જાય છે. આત્માની ખોજ માટે એ નવરો થતો નથી. એનું જ્ઞાન અજ્ઞાનના ઘરમાં રહેલું છે, એની શક્તિ સર્વશક્તિમાનનો સ્પર્શ પામી શકતી નથી, સ્વર્ગીય આનંદનો પરિચય એને માટે વિરલવિરલ હોય છે.

સાયન્સ આવે છે, જડતત્ત્વની અનંતતાને આગળ કરે છે, બધું ગાણિતિક બનાવી દે છે. ફિલસૂફી હવાઈ વિચારોમાં વિહરે છે; આ દેવાળિયાપણામાં ધર્મ આવે છે ને ખાતા વગરના ચેક લખી આપે છે, જીવો વ્યર્થ જીવન છોડી અજ્ઞાતના અંધકારમાં જાય છે, પણ મૃત્યુનો અપાયેલો અમરત્વનો પરવાનો સાથે લેતા જાય છે.

આ બધું કામચલાઉ છે. આ સપાટી પરની શક્તિઓમાં જ્ઞાન પરિસમાપ્ત થતું નથી. અંતરના અંતરમાં રહેલા પ્રભુથી જગત પ્રકંપિત થતું હોય છે. અનનુભૂત આત્મા દોરતો હોય છે. બધું જ કાંઈ આંધળી પ્રકૃતિનું કાર્ય હોતું નથી. ધ્યેયસ્થાને પરમાત્મા વિરાજમાન છે, એક શબ્દ, એક જ્ઞાન આપણને નીરખી રહ્યું છે. એક આંખ અવલોકન કરી રહેલી છે. પ્રભુની શરતદોડમાં આપણું મન પ્રારંભક છે, આપણા આત્માઓ પરમાત્માના પ્રતિનિધિઓ છે.

પ્રકૃતિનાં પય પીતો પ્રભુ બાળસ્વરૂપે વૃંદાવનમાં યમુનાતીરે વાંસળી વગાડી રહ્યો છે ને એ આપણા પોકારની રાહ જોઈ રહ્યો છે.

અવગુંઠિત પ્રભુના આનંદમાંથી વિશ્વો ઉદ્ભવ્યાં છે, શાશ્વત સૌન્દર્ય રૂપ લેવા માગે છે; એ કારણે આપણાં હૃદયો ને ઇન્દ્રિયો સુદ્ધાં પરમ સૌન્દર્ય ને અમરાનંદ માટે ઝંખે છે.

પ્રભુના સત્યને આપણે ક્રોસ પર ચઢાવ્યું છે, કે જેથી દિવ્ય દેહમાં એ અવતાર લે, માણસ બનીને આપણા આલિંગનમાં આવે.

કાળના આપણા જીવે, છાયાલીન આત્માએ, તમોગ્રસ્ત સત્-તાના જીવતા વામને ક્ષુદ્ર વ્યાપારોમાંથી બહાર નીકળી ઉપર આરોહવાનું છે, પરમ અતિથિની મૂર્ત્તિમાં ઢળાવાનું છે, પરમ શક્તિનાં પયઃપાન કરવાનાં છે, રાત્રિની માયાજાળમાંથી મુક્ત થઈ, ગર્તોની ગુલામીમાંથી છૂટી, બાલપ્રભુને પગે પડવાનું છે, સૌન્દર્ય, પરમાનંદ ને પ્રેમથી પ્રકંપિત થવાનું છે, મનની પાર પહોંચવાનું છે, પશુને પ્રભુના દેવતાસ્વરૂપથી ચકિત કરવાનું છે, અભીપ્સાની જ્વાળા પ્રજ્વલિત કરી દેવાની શક્તિઓનું આવાહન કરવાનું છે, મર્ત્ય જીવનની હીનતાનો અંત આણી પાતાળોને સ્વર્ગારોહણના માર્ગમાં ફેરવી નાખવાનાં છે, ગહનોને પરમ જ્યોતિથી પ્રકાશમાન બનાવવાનાં છે.

અધોગત પ્રાણનાં ભયંકર ધુમ્મસ, અંધાધૂંધી, પિશાચી દેવતાઓની મુખાકૃતિઓ, ભૂતના ભડકાઓ અને મેલા મર્મરાટની વચ્ચે થઈને અશ્વપતિ પસાર થાય છે. એના આત્માની જ્યોતિ એને માટે સૂર્યપ્રકાશ બની જાય છે.

**રૂપો સ્તંભિત છે જેમાં એવી શક્તિ સ્થિર ને સંકડાશની,**
**શાશ્વતી-મધ્યમાં એક ખૂણો અસુખથી ભર્યો,**
**ક્ષુદ્ર જીવનનું એવું એણે સામ્રાજ્ય નીરખ્યું.**
**બોધભાવતણી ધાર પર એ નિવસ્યું હતું,**
**સંરક્ષાયેલ અજ્ઞાને, હોય ના જેમ કોટલે.**
**પછી આશા કરી એણે જાણવાની રહસ્ય આ જગત્તણું:**
**એના દૃશ્યતણી સ્વલ્પધાર પાર એણે ધારી નિહાળિયું;**
**અનંતની પરે લાદી દઈને લઘુરૂપતા**
**એને ચલાવતી 'તી જે શક્તિ ને જે બોધભાવે**
**બનાવ્યું એહને હતું,**

ક્ષુદ્રતા પર એની જે સત્-તા સત્તા ચલાવતી,
દિવ્ય નિયમ, આપ્યો 'તો જેણે એને અસ્તિનો અધિકાર, ને
નિસર્ગ પરનો એનો દાવો, કાળે જરૂરિયાત એહની,-
આ સૌને બાહ્યથી સ્પષ્ટ એની અસ્પષ્ટતાથકી
એણે જુદું પાડીને જાણવા ચહ્યું.
સ્વલ્પ ઉજાશવાળા ને સાંકડા આ ખંડને ઘેરનાર એ
ધૂમધુમ્મસમાં એણે દૃષ્ટિ ઊંડાણમાં કરી,
અજ્ઞાનનાં નભોથી ને સાગરોથી ખંડ વીંટાયલો હતો,
સત્ય, આત્મા અને જ્યોતિ સામે એને
પેલું ધૂમધુમ્મસ રક્ષતું હતું.
રાત્રિના અંધ હૈયાને ચીરે જ્યારે ખોજબત્તીતણી પ્રભા
ને ઘરો, તરુઓ, રૂપો માનવોનાં છતાં થતાં,
જાણે કે શૂન્યની મધ્યે આંખ સામે પામ્યાં હોય પ્રકાશ ના,
તેમ છુપાયલી સર્વે વસ્તુઓના ચિરાઈ પડદા ગયા
ને એની દૃષ્ટિની સૂર્ય-શુભ્રતામાં એ પ્રત્યક્ષ થઈ ગઈ.
કાર્યમાં વ્યગ્ર ને વ્યગ્ર ચિત્તે એવી કઢંગી વસતી તહીં
ઊભરાતી હતી કાળી હજારોની સંખ્યામાં અણ-ઓળખી.
લપેટી વિશ્વનું દૃશ્ય લેતા એક ધુમ્મસે ગુપ્તતાતણા
હતા પ્રવૃત્ત ત્યાં ક્ષુદ્ર દેવતાઓ કાળના અવચેતને:
સ્વર્ગની શાસતી આંખો થકી દૂર કાર્ય એ કરતા હતા,
જેમને એ ચલાવંતા તે સત્ત્વોની
જાણ બ્હાર ષડ્યંત્રો રચતા હતા,
માણતા મોજ આ નાનાં રાજ્યોકેરાં નાનાં કાવતરાંતણી
નાનાં નાનાં છળોની યોજના કરી,
અલ્પકાલીન આશાઓ, ઉત્કંઠાએ ભરેલાં પગલાં લઘુ,
ક્ષુદ્ર રીતો, અંધકારે અને ધૂળતણી રજે
ઉરગોના સમાં આળોટણો દેતાં હતાં આનંદ એમને,
ઢળી પાય-લાગણાં ને સર્પતી જિંદગીતણી
નામોશીમાં પડતી એમને મજા.
ગભરામણમાં રે'તો પચરંગી સમૂહ એક ત્યાં હતો,

ચિત્રવિચિત્ર ને અસ્તવ્યસ્ત કારીગરો જાદૂગરીતણા
મૃદુ માટી જિંદગીની ઘડતા ત્યાં નજરે પડતા હતા,
પેદાશ એ પિશાચોની હતી, સત્ત્વો હતાં એ પંચતત્ત્વનાં.
ટેવાયેલાં ન 'તાં જેથી એવા તેજ વડે તાજુબ એ થતાં,
છાયાઓમાં રહ્યાં લીન, ચમકી બ્હાર આવતાં
વિકૃતાંગી દુષ્ટ સત્ત્વો, કંડારેલાં મુખો જાનવરોતણાં,
પરીઓ સૂચના દેતી, ભૂતપ્રેતો, કૃત્યાઓ લઘુરૂપિણી,
જીનો ઠીક વધારે કૈં છતાં આત્મહીન, દરિદ્ર લાગતા,
જીવો પતિત જેઓનો દૈવી અંશ નાશ પામી ગયો હતો,
દેવતાઓ પથભ્રષ્ટ ફસાયેલા કાળની ધૂળની મહીં.
અજ્ઞાને પૂર્ણ ઇચ્છાઓ જોખમી ત્યાં હતી સામર્થ્યથી સજી
અર્ધ પશુતણાં, અર્ધ દેવતાનાં ભાવ ને રૂપ ધારતી.
આછા અંધારની પૃષ્ઠભૂમિના ધૂસરાટથી
એમના મર્મરાટો ને બળ-ઓજ આવે અસ્પષ્ટતાભર્યું,
મન મધ્યે જગાડે એ પડઘાઓ વિચારના
અથવા કોક શબ્દના,
મંજૂરી મેળવે છે જે હૈયાકેરી
એમના દંશતા તેજી આવેગો અપનાવવા,
ને એ ક્ષુદ્ર પ્રકૃતિમાં પોતાનું કાર્ય એ કરે,
અને ત્યાંના બળોને ને સત્ત્વોને અસુખે ભરે.
એનું આનંદનું બીજ ફળે દુઃખે એવો છે શાપ એમનો,
એની વિરલ જોતોને બુઝાવી દે ફૂંકથી અપરાધની,
સપાટી પરનાં એનાં સત્યોને એ
જૂઠાણાના હેતુઓને સાધવાને પ્રયોજતાં,
ક્ષુદ્ર એની ઊર્મિઓને એડ મારી ચલાવતાં,
ઊંડા ખાડા ભણી હાંકી આવેગો એહના જતા,
યા તો કળણ ને કીચે ધકેલી જાય એમને:
યા તો જીવનનું ગાડું હોય રગશિયું જતું
કયાંયે લઈ જતા ના તે આડા ને અવળા પથે,
ને અજ્ઞાન થકી છૂટી જવાના માર્ગ હોય ના

ત્યારે કઠોર ને શુષ્ક લાલસાની આરો એ ઘોચતાં રહે.
શુભાશુભતણી સાથે ખેલવું એ એમની જીવનપ્રથા;
લલચાવી લઈ તેઓ જતાં નિષ્ફળતા અને
વ્યર્થ સફળતા પ્રતિ,
ભ્રષ્ટ તેઓ કરે સર્વ આદર્શોને, છેતરે કાયદા બધા;
જ્ઞાનને ઝેરનું આપે રૂપ, આપે જડસું રૂપ પુણ્યને,
શોક કે સુખથી યુક્ત દૈવયોગતણા આભાસમાં થઈ
અંતહીન ચક્રોને કામનાતણાં
અનિવાર્ય વિપત્કારી અંતની પ્રતિ દોરતાં.
ત્યાં વિધાનો બધાં થાય એમના જ પ્રભાવથી.
સામ્રાજ્ય તેમનું માત્ર ત્યાં જ ના, ને ત્યાં જ ના પાઠ એમનોઃ
જ્યાં જ્યાં ચિત્તો ચૈત્યહીણાં અને માર્ગદર્શનાહીન જીવનો,
ને ક્ષુદ્ર દેહમાં પંડ માત્ર સર્વ મનાય જ્યાં,
જ્યાં જ્યાં પ્રેમ ન, ના જ્યોતિ, ને નથી જ્યાં ઉદારતા
ત્યાં ત્યાં કુટિલ કર્ત્તાઓ આ આરંભ કરી દે નિજ કાર્યનો.
અર્ધ-સચેત સૌ લોકો પર રાજ્ય એ પોતાનું પ્રસારતા.
અહીંયાં પણ એ ક્ષુદ્ર દેવતાઓ
આપણાં માનવી હૈયાં હંકારીને ચલાવતા,
છે આપણે સ્વભાવે જે સાંધ્યછાયા,
તે છુપાઈ જવાકેરું બને છે સ્થાન એમનું.
અહીંયાં પણ જે કાચું હૈયું છે અંધકારમાં
તે ગૂઢ મન માંહ્યથી
અવગુંઠિત આવે જે સૂચનાઓ, તેમને વશ થાય છે,
આ એ છે મન ગૂઢ જે
આપણા જ્ઞાનનો પીછો લે છે જ્યોતિ વિપથે દોરતી લઈ,
ને ઊભું જે આપણી ને પરિત્રાણ કરતા સત્યની વચે.
રાત્રિકેરા અવાજોના દ્વારા વાતો આપણી સાથ એ કરેઃ
આપણાં જીવનો અંધકારમાંથી
સંચરે છે વધારે અંધકારમાં;
નાશકારક આશાઓ સુણાવે જે તે ખોજો આપણી સુણે.

દૃષ્ટિહીન વિચારોની ઈમારત રચાય છે
બુદ્ધિને ઉપયોગે લે બલ એક અયુક્તિક.
એકલી પૃથિવી આ ના આપણી શિક્ષિકા અને
આયા ઉછેરકાર્યમાં;
સઘળાં ભુવનોકેરાં પ્રવેશે છે બળો અહીં.
પોતીકાં ક્ષેત્રમાં તેઓ માર્ગ લેતાં પોતાના ધર્મ-ચક્રનો,
અને સલામતી સેવે સ્થિર આદર્શરૂપની;
નિશ્ચલા એમની કક્ષાથકી પૃથ્વી પરે પ્રક્ષિપ્ત એ થતાં
સચવાઈ રહે ધારો તેમનો ને
લોપ પામી જતું સ્થૈર્યધારી રૂપ તેમનું વસ્તુઓતણું.
તેઓ ઢળાય છે અંધાધૂંધીમાં સર્જનાત્મિકા,
સર્વ વાંછે વ્યવસ્થા જ્યાં કિંતુ જાય હંકાઈ દૈવયોગથી;
જાણતાં ના પૃથ્વીકેરા સ્વભાવને
શીખવી પડતી રીતો એમને પૃથિવીતણી,
વિદેશી વા વિરોધીઓ, એમને હ્યાં સંઘબદ્ધ થવું પડેઃ
કરે કાર્ય, કરે યુદ્ધ, થતા સંમત કષ્ટથીઃ
આ સંયોજાય ને બીજા વિયોજાય,
વિયોજાય બધા, પાછા સંયોજાય બધા વળી,
અને આ ચાલતું આમ
જ્યાં સુધી ના પ્રાપ્ત સૌને પોતાકેરી દિવ્ય સંવાદિતા થતી.
અનિશ્ચિત જતો માર્ગ આપણી જિંદગીતણો;
વંકાતો વર્તુલોમહીં,
બેચેનીએ ભરી ખોજ આપણા મનની સદા
જ્યોતિની માગણી કરે,
અને આ ચાલતું આમ જ્યાં સુધી મૂળમાં જઈ
સ્વરહસ્યતણું જ્ઞાન પમાય ના,
અકાલાત્માતણી જ્યોતે, અને એના દિશાશૂન્ય નિવાસમાં,
एक एव શાશ્વતાત્મતણા આનંદની મહીં.
કિન્તુ છે દૂર અત્યારે સુદૂર પરમા પ્રભાઃ
અચિત્‌ના નિયમોનું છે આજ્ઞાધારી સચિત્ જીવન આપણું;

અજ્ઞાન હેતુઓ પ્રત્યે અને અંધ કામનાઓતણી પ્રતિ
હૃદયો આપણાં જાય પ્રેરાયેલાં એક સંદિગ્ધ શક્તિથી;
આપણા મનની જીતો સુદ્ધાં ધારે તૂટયાફૂટયા જ તાજને.
ધીરેથી બદલાતી કો વ્યવસ્થાથી બદ્ધ સંકલ્પ આપણો.
જ્યાં સુધી આપણા આત્મા મુક્ત ના થાય ત્યાં સુધી
છે આ નિર્માણ આપણું.
પછી સમર્થ કો એક હસ્ત પાછાં મનનાં વ્યોમ વાળતો,
અંતવંતતણાં કાર્યો ઉપાડી લે અનંતતા,
અને પ્રકૃતિ માંડે છે પગલાંઓ સનાતન પ્રકાશમાં.
ત્યારે જ અંત આવે છે સ્વપ્નનો આ પાતાલી જિંદગીતણા.

સમસ્યારૂપ આ વિશ્વ એના આરંભથી જ છેઃ
ને સાથોસાથ એ લાગે બેશુમાર મોટું યંત્ર જડત્વનું,
ધીરે ધીરે છદ્મમાંથી પ્રકટે છે આત્મા સૌ વસ્તુઓતણો,
ભિત્તિહીન ગોળગોળ ઘૂમતા આ પ્રકોષ્ઠમાં
વિરાજે ઈશ સર્વત્ર જ્યાં ધરી સ્થિતપ્રજ્ઞતા
જાણે એ હોય પોતાને પણ પોતે ન જાણતો
ને દેખાતો હોય આપણનેય ના,
ચમત્કારે અચિત્‌કેરી રહસ્યમયતાતણા,
છતાં યે સર્વ છે આંહી એનું કાર્ય અને સંકલ્પ એહનો.
અનંત અવકાશે જે ઘૂમરી ને છે પ્રસારણ, તે મહીં
દ્રવ્ય રૂપ બની આત્મા પોઢયો છે ઘૂમરી વિષે,
સંવેદના અને ચૈત્ય વિનાનું છે એ સૂતેલું શરીર ત્યાં.
શૂન્યના મૌનનો જેને છે મળેલો સમાશ્રય
એવો દૃશ્ય સ્વરૂપોનો મહારાશિ પ્રપંચનો
શાશ્વતી ચેતનામાંહે દૃષ્ટિગોચર ત્યાં થયો,
બહારના અચિત્ વિશ્વકેરા આભાસ આપતો.
હતું કોઈ ન જોવા ત્યાં, હતું સંવેદવા ન કો;
અચિત્‌-માત્ર ચમત્કારી સૂક્ષ્મ જાદૂગરીતણા
કૌશલે યુક્ત પોતાના કાર્યમાં મગ્ન ત્યાં હતું

જાદૂઈ પરિણામોને માટે શોધી કુનેહે માર્ગ કાઢતું,
સૃષ્ટિકેરી ચમત્કારી તરકીબોતણું તંત્ર ચલાવતું,
સંકેતો મૂક પ્રજ્ઞાના યંત્રની જેમ આંકતું,
અવિચારિત જે ને જે અનિવાર્ય
એવો બોધતણો ભાવ ઉપયોગે પ્રયોજતું,
પ્રભુની બુદ્ધિનાં કાર્યો કરતું કે
કો સર્વોત્તમ અજ્ઞાતકેરો સંકલ્પ સાધતું.
છતાં ચૈતન્ય તો ગુપ્ત હતું પ્રકૃતિગર્ભમાં,
જેનો પ્રહર્ષ સ્વપ્નાંઓ સેવતો જગતોતણાં
તે આનંદતણું ભાન હતું નહીં.
જડ તત્ત્વ હતું સત્ત્વ બલ જેને ચલાવતું.
આરંભમાં હતો માત્ર આકાશી અવકાશ ત્યાં:
આંદોલનો મહાકાય એનાં ગોળ ગોળ ઘૂમરતાં ગયાં,
આરંભની જહીં પ્હેલ ન કલ્પેલી વસી હતી:
પરમોચ્ચ આદિ એક માતરિશ્વાતણો આધાર મેળવી
પ્રસારણ તથા સંકોચનકેરા નિગૂઢ એક કાર્યથી
સ્પર્શ-ઘર્ષણ સર્જાયાં શૂન્યાકાર સમસ્તમાં,
આવ્યો સંઘર્ષ-આશ્લેષ હવાઈ અવકાશમાં:
વિસ્તાર પામતા વિશ્વકેરું કારણ જન્મનું,
વિશ્લેષિત થતી શક્તિકેરા જનન-સ્થાનમાં
કરીને વ્યય રાખ્યો છે સરવાળો એણે અંત ન પામતો.
અવકાશતણી અંગારીમાં એણે અદૃશ્ય અગ્નિ પેટવ્યો,
જેણે વેર્યાં વિશ્વ વેર્યાં જાય છે બીજ જે વિધે
ને વ્યવસ્થા વિભાસંત તારાઓની ગોળ ઘૂમરતી કરી.
વિદ્યુત્-શક્તિતણા એક મહાન સાગરે રચ્યા
અરૂપબદ્ધ વિધિએ અંશો એની અદ્‌ભુત ઊર્મિઓતણા,
એમના નૃત્યથી ઊભી કરી આ સ્થૂલ યોજના,
આરામે અણુમાં બંદી કરી એની સમર્થતા;
ઘડાયા ઘન પિંડો કે કલ્પાયા ને દૃશ્ય આકૃતિઓ બની;
શીઘ્ર સૌ પ્રકટાવંતા પ્રક્ષેપાયા અણુ-પિંડો પ્રકાશના,

એમના ઝબકારાની તનુતામાં પ્રતિમૂર્તિત્વ પામતું
આભાસી વસ્તુઓકેરું વિશ્વ આ નજરે પડયું.
આ રીતે છે બન્યું સર્વ સાચું અશકય વિશ્વ આ,
દેખીતો એ ચમત્કાર ને તમાશો ખાતરીબંધ લાગતો.
યા તો માનવના ધૃષ્ટ મનને એ એવું છે એમ લાગતું,
જેણે વિચાર પોતાનો સત્યને ન્યાય આપવા
બેસાડયો છે આસને ન્યાયમૂર્તિના,
દૃષ્ટિ અંગત એ માને બિન-અંગત સત્યતા,
ગોચર જગના સાક્ષી રૂપે એની રાખી છે ભ્રાંતિ ઇન્દ્રિયો
ને પોતાનાં સાધનોની કરામતો.
આમ એણે જિંદગીની સમસ્યા સ્પર્શગમ્ય જે
તેનો સંદિગ્ધ આલોકે આણવાનો ઉકેલ છે,
સત્યને ઝાલવાનું છે ભ્રમકેરી સહાયથી,
ધીરેથી કરવાનું છે દૂર મોઢા પરનું અવગુંઠન.
નહીં તો એ ખુએ શ્રદ્ધા મન તેમ જ ઇન્દ્રિયે,
જ્ઞાન એનું બની જાતું અજ્ઞતાનું અંગ ઉજ્જ્વળતાભર્યું,
વિચિત્ર ઢંગથી નિર્મી વસ્તુઓમાં અહીંયાં એ નિહાળતો
ઠગારી શક્તિનો ઠઠ્ઠો આવકાર ન પામતો,
ઉદાહરણ માયાનું અને એના પ્રભાવનું.
અપાતું કાળનું જેને નામ તેની
સદા જારી રહેતી આગ્રહે ભરી
ગતિના ગૂઢ નાફેર થનારા ફેરફારમાં
ને વિરાટ અને નિત્ય ચાલતી હિલચાલમાં
પકડાઈ ધરાયલા
ને સદા પુનરાવૃત્તિ તાલકેરી પામતા અટકયા વિના,
આ ચક્રાકાર ફેરાઓ રૂઢ રૂપ આપનારા પ્રવાહને
ને વિશ્વ-નૃત્યમાં સ્થાયી રૂપ લેનાર વસ્તુઓ–
જે સ્વયં-પુનરાવૃત્ત ઘૂમરીઓ માત્ર છે ઓજશક્તિની
ને ધ્યાનસ્થ શૂન્યકેરા આત્મા દ્વારા જે પ્રલંબિત થાય છે,
તે જોતી 'તી વાટ પ્રાણતણી, ઇન્દ્રિયજ્ઞાનની

અને જાગ્રત ચિત્તની.
સ્વપ્નસેવીએ જરાક પરિવર્તી નિજ પથ્થરની સ્થિતિ.
કિન્તુ જ્યારે અચિત્કેરું ઋજુભાવી કાર્ય પૂરું થઈ ગયું
ને દૈવયોગને બેળે સમર્પાયું રૂપ સુસ્થિર ધર્મનું,
મંડાયું દૃશ્ય તે વારે સચૈતન્ય લીલા માટે નિસર્ગની.
પછી સળવળી ઊઠી આત્માકેરી
નિદ્રા મૂક અને નિશ્ચેષ્ટતાભરી;
શક્તિ સંતાયલી મૂક ભાવે ધીરે પ્રકટી બ્હાર નીકળી.
સ્વપ્ન જીવનનું જાગી ઊઠયું દ્રવ્યતણે ઉરે,
અચિત્ની ધૂળમાં હાલી ઊઠયો એક સંકલ્પ જીવવાતણો,
તરંગે જિંદગાનીના ચમકાવ્યો ખાલી પડેલ કાળને,
રિક્ત શાશ્વતતામધ્યે ક્ષણભંગુરતા સ્ફુરી,
અત્યંત-અણુતા જાગી ઊઠી મૃત અનંતમાં.
કીધાં જીવંત કો સૂક્ષ્મતર પ્રાણે રૂપોને મૃત દ્રવ્યનાં,
સચેત સાદનું રૂપ લેતો રૂઢ છંદોલય જગત્તણો;
અસંવેદી હતું ઓજ તેને વીંટી વળી શક્તિ ભુજંગિની.
પ્રાણવિહીન દિગ્દેશે ટપકાં શા દ્વીપો જીવનના થયા,
અંકુરો જિંદગીકેરા ફૂટયા અરૂપ વાયુમાં.
જન્મ્યું જીવન જે દ્રવ્યતણો નિયમ પાળતું,
પોતાનાં પગલાં કેરું જ્ઞાન જેને હતું નહીં;
નિત્ય અસ્થિર ને તો યે એનું એ જ હમેશનું,
જે વિરોધાભાસમાંથી જન્મ એનો થયો હતો
તેનાં આવર્તનો પોતે કર્યે જતું:
એની ચંચળ અસ્થાયી સ્થાયિતાઓ કાળકેરા પ્રવાહમાં
વારંવાર ફરી પાછી થયે જતી,
અવિચારંત રૂપોમાં ગતિઓ સપ્રયોજના
બંદી સંકલ્પના શ્વાસોચ્છ્વાસોને કરતી છતા.
આશ્લેષે એકબીજાના જાગૃતિ ને નિદ્રા સાથે ઢળી હતી;
અસ્પષ્ટ ને નિરાધાર સુખ ને દુઃખ આવિયાં,
વિશ્વાત્માના આદ્ય આછા પુલકોએ પ્રકંપતાં.

બલ જીવનનું એક
ન પોકારી કે ન હાલીચાલી જે શકતું હતું,
તે તો ય ઊઠતું ફૂટી રમ્ય રૂપો ધરી, ઊંડી મુદા પરે
મુદ્રાની મ્હોર મારતું;
બોલી ના શકતી એવી એક સંવેદશીલતા,
હૈયાના ધબકારા કો ન જાણંત જગત્‌તણા,
સુપ્તજાગૃતિના એના જાડ્યમાં દોડતાં હતાં,
અને જગાડતાં 'તાં ત્યાં ઝણેણાટી અસ્પષ્ટા ને અનિશ્ચિતા,
ને તાલ અટતો જતો,
ગુપ્ત આંખોતણો હોય તેવો ઉન્મેષ ધૂંધળો.
બાલ સંવેદના વાધી સ્વાત્મની ને જન્મ જન્મતણો થયો.
ઉદ્‌બોધ દેવતા પામ્યો, કિન્તુ સ્વપ્નમગ્ન અંગે પડયો રહ્યો;
સીલબંધ બારણાંઓ પોતાનાં ખોલવાતણી
ના પાડી જીવનાલયે.
જુએ છે આપણી આંખો માત્ર રૂપ અને ક્રિયા,
જુએ ના ત્યાં બંદી બનેલ દેવને,
આ આંખોને જડ જેવી જણાય જે
તે જિંદગીતણી ગૂઢ વૃદ્ધિની ને શક્તિની ધબકો થતી,
તેમાં તે ગુપ્ત રાખે છે નીરવા એક ચેતના
ઘૂંટાયેલી રહે જેની ગોચરજ્ઞાનની ક્રિયા,
રાખે છે મન દાબેલું ભાન જેને હજીયે ન વિચારનું,
માત્ર રાખી શકે અસ્તિ એવા એક ચેષ્ટાવિહીન આત્મને
એ પોતામાં છુપાવતી,
આરંભમાં ઉઠાવ્યો ના એણે કોઈ અવાજ, ના
હિલચાલતણું સાહસ આદર્યું:
વિશ્વ-શક્તિ વડે પૂર્ણ, ઓતપ્રોત બની જીવંત ઓજસે,
સલામત ધરાને એ નિજ મૂળમાત્રથી વળગી રહી,
જ્યોતિ ને વાયુલ્હેરીના આઘાતોએ
ઝણેણાટી લહેતી મૂકભાવથી
કામનાના લતા-તંતુ અંગુલી શા પ્રસારતી;

સૂર્ય ને જ્યોતિને માટે ઓજ એની મહીં જે ઝંખતું હતું
તેણે લહ્યો ન આશ્લેષ
એને શ્વાસોચ્છ્વાસ લેતી ને જીવંત બનાવતો;
રહી સૌન્દર્ય ને રંગમધ્યે એ તુષ્ટ ભાવથી
સ્વપ્ને લીન દશામહીં.
આખરે ડોકિયું બ્હાર કરે છે એ મંત્રમુગ્ધ અનંતતાઃ
ઊઠી સળવળી, આંદોલાતી એ ભૂખથી ભરી
અંધ ફાંફાં મનને કાજ મારતી;
ધીરે ધીરે પછી કંપમાન સંવેદના થઈ
ને વિચારે કીધું બહાર ડોકિયું;
આનાકાનીભર્યા બીબે બળાત્કારે એણે ભાન જગાડિયું.
સચેત રૂપનો જાદૂ હતો એક ટંકારાયેલ ટાંકણે;
એનાં કંપન ધ્યાનસ્થ લયદ્વારા શીઘ્ર ઉત્તર આપતાં,
ચકતાં ચલનો પ્રેરી પ્રવર્તાવે શિરા ને શિર બેઉને
આત્માકેરી એકતાને જગાડી જડ દ્રવ્યમાં,
ને હૈયાના પ્રેમનો ને ચૈત્યની સાક્ષિદૃષ્ટિનો
ચમત્કાર વપુમાં વિલસાવિયો.
અદૃષ્ટ એક સંકલ્પે પ્રેરાઈને પામી પ્રસ્ફોટનો શકયા
અસ્તિ વાંછંત કો એક મહાવેગતણા ખંડ-પ્રખંડકો,
જીવતી જાગતી ઝાંખી ગુપ્ત રહેલ આત્મની,
અને ભાવિ સ્વરૂપોનાં બીજ સંશયથી ભર્યાં
તથૈવ ઓજ એમનું
વસ્તુઓની અચિત્ મૂર્છામાંથી પ્રબોધ પામિયાં.
પ્રાણીઓની સૃષ્ટિ એક સર્પતી, દોડતી અને
ઊડતી ભૂમિ ને વ્યોમ વચ્ચે પોકારતી થઈ,
શિકાર મૃત્યુનો થાતી છતાં આશા રાખતી જીવવાતણી,
ને ભલે ને જરાવાર, તે છતાં યે શ્વસનાનંદ માણતી.
મૂળના પશુમાંથી તે પછી પામ્યું ઘાટ માનવ-માળખું.
જિંદગીની વૃત્તિઓને આવ્યું ઊંચે ચઢાવવા
મન એક વિચારનું,

સંમિશ્ર અથ સંદિગ્ધ છે જે પ્રકૃતિ, તેહનું
ઓજાર તીક્ષ્ણ ધારનું,
અર્ધ-સાક્ષી, અર્ધ-યંત્ર બુદ્ધિ એવા પ્રકારની.
એનાં કર્મોતણા ચક્રતણી સંચાલિકા સમી
જોતાં એ લાગતી હતી,
જીવનસ્રોતને પ્રેરી જવાની ને લેવાની નોંધ એહની,
તેની ચંચળતાયુક્ત શક્તિઓની
પર સ્થાપી દેવાની નિજ કાયદો
હતી એને થયેલી કાર્ય-સોંપણી;
હતી કમાન એ મુખ્ય નાજુકાઈ ભરેલા યંત્રકાર્યની,
એના વાપરનારાને
પ્રકાશ સહ સંસ્કાર આપવાની અભીપ્સા એહની હતી,
તલ્લીન યંત્રશિલ્પીના કાચા આરંભકાર્યને
ઊંચકીને અંતરસ્થ શક્તિકેરાં દર્શનો એ કરાવતી:
ઊંચકી દૃષ્ટિ રાજાએ; સ્વર્ગની જ્યોતિની મહીં
મુખ એક પ્રતિબિંબિત ત્યાં થયું.
પોતાની ગૂઢ નિદ્રામાં કરાયેલાં કામોએ ચકિતા થઈ
પોતે જે બનાવ્યું 'તું તે જગત્‌ને લાગી એ અવલોકવા:
થઈ તાજુબ એ હાવે ગ્રહે મોટા સ્વયંચાલિતયંત્રને;
થોભી એ સમજી લેવા જાતને ને સ્વલક્ષ્યને,
સચેત નિયમે કાર્ય કરવાનું શીખી વિચાર એ કરી,
દૃષ્ટિવંતા એક માપે દોર્યાં એનાં પગલાં લયથી ભર્યાં;
એની અંધપ્રેરણાની કિનારીએ
સંકલ્પશક્તિનું એક વિચારે ચોકઠું રચ્યું,
ને અંધીકૃત આવેગ અજવાળ્યો એનો બોધપ્રકાશથી.
આવેશી વૃત્તિઓકેરા એના મહૌઘની પરે,
પ્રતિક્ષિપ્ત એનાં પ્રકાર્યની પરે,
અચિત્‌કેરી ધકેલાતી કે દોરાતી પ્રવાહપરતા પરે,
વિચાર વણનાં હોવા છતાં એનાં ચોક્કસ પગલાંતણી
રહસ્યમયતા પરે

સત્યાભાસી આત્મકેરી મૂર્તિ એક એણે યુક્ત કરી સ્થિર,
વિરૂપાયેલ સત્-તાની પ્રતિમા એક જીવતી;
જડદ્રવ્યતણાં કાર્યો પર એણે લાદી નિયમયોજના;
રાસાયણિક કોષોના દ્વારા એણે
કર્યો ઊભો દેહ એક વિચારતો,
હુંકારાતી શક્તિમાંથી રૂપબદ્ધ જીવ એક બનાવિયો.
પોતે જે ન હતી તેવી થવા એની આશા ઉત્તેજિતા થઈ:
કો એક ઉચ્ચ અજ્ઞાત પ્રત્યે એણે પોતાનું સ્વપ્ન વાળિયું;
નીચે અનુભવાયો ત્યાં પ્રાણોચ્છ્વાસ પરમોત્તમ એકનો.
ઊર્ધ્વના ગોલકો પ્રત્યે કરી ઊંચી ઉન્મેષે એક આંખડી.
અને રંગીન છાયાઓ, મર્ત્ય આ ભોમની પરે
પસાર થઈ જાનારી પ્રતિમાઓ અમર્ત્ય વસ્તુઓતણી
આલેખિત બનાવતી;
કોઈ કોઈ સમે દિવ્ય ઝબકારો આવી હ્યાં શકતો હતો:
હૈયે ને દેહને પિંડે ચૈત્ય-રશ્મિ પડતું 'તું પ્રકાશતું
ને જેનાં આપણાં પૃથ્વીલોકનાં સ્વપ્ન છે બન્યાં
તે સામગ્રી સ્પર્શતું 'તું રૂપાભાસો વડે આદર્શ જ્યોતિના.
ટકી નવ શકે એવો પ્રેમ ભંગુર માનુષી,
અહં-પતંગની પાંખો ફિરસ્તા શા
ચૈત્યાત્માને ઊર્ધ્વ ભોમે લઈ જવા
થયાં પ્રગટ અત્યલ્પ સમા માટે તલની મોહિની બની,
જરા શી કાળની ફૂંકે ઓલવાઈ શમી જતાં;
આવ્યો આનંદ જે ભૂલી ક્ષણેક મર્ત્યતા જતો,
જવલ્લે આવનારો ને વિદાય જલદી થતો,
ને બધી વસ્તુઓને જે ઘડી માટે મનોહારી બનાવતો,
આશાઓ પ્રગટી થોડી વારમાં લય પામતી
અનાકર્ષક વાસ્તવે,
ભાવાવેશો ભભૂકંતા હોય ત્યાં જ
પડી ભાગી ભસ્મીભૂત બની જતા,
અલ્પકાલીન પોતાની જ્વાળે તેઓ

પામર પૃથિવીને આ પ્રદીપિત કરી જતા.
નિર્માલ્ય ક્ષુદ્ર પ્રાણી હ્યાં આવ્યું માનવ રૂપમાં,
અજાણી શક્તિએ એને ઉદ્દ્ધૃત ઊર્ધ્વમાં કર્યું,
પૃથ્વીના છોટકા એક ટુકડા પર એ રહી
ટકી રે'વાતણાં, મોજમજાઓ માણવાતણાં
અને દુઃખ સહી અંતે મરવાનાં સાધનોને શ્રમે મચ્યું.
દેહ ને પ્રાણની સાથે જે વિનાશ ન પામતો
એવો એક હતો આત્મા અવ્યક્તાત્માતણી છાયા સમો તહીં
ને તે સ્થિત હતો ક્ષુદ્ર વ્યક્તિસ્વરૂપ પૂઠળે,
કિન્તુ આ પાર્થિવી મૂર્ત્તિ પર દાવો હજી એ કરતો ન 'તો.
લાંબા પ્રકૃતિના ધીરે ચાલનારા શ્રમને અનુમોદતો,
પોતાની અજ્ઞતાકેરાં કરતૂકો નિરીક્ષતો,
અજ્ઞાત ને અસંવેદ્ય વસે સાક્ષી સમર્થ એ
અને જે મહિમા છે એ અહીં તેને કશું યે ન નિદર્શતું.
સત્તા ચલાવતું એક પ્રજ્ઞાન ગુહ્ય વિશ્વમાં,
મૌન જીવન-પોકાર સુણતું શ્રવણો દઈ,
પ્રશાન્ત મહિમા પ્રત્યે દૂરકેરી ઘડીતણા
ક્ષણોનો ત્વરતો ઓઘ વહે છે તે નિહાળતું.

લયલીન અચિત્‌કેરી છાયામાં આ બૃહત્ જગત્
બુદ્ધિથી સમજાયે ના એ રીતે પરિવર્તતું;
રાખે ચાવી છુપાવી એ
ચૂકી જવાય છે એવા આંતર આશયોતણી,
રાખે એ આપણે હૈયે તાળાબદ્ધ પૂરી એક અવાજને
જેને સાંભળવા માટે નથી સમર્થ આપણે.
સમસ્યાનું રૂપ લેતો આત્માકેરો પરિશ્રમ,
ઉપયોગ ન જેનો કો જાણે એવું યંત્ર ચોક્કસતાભર્યું,
કળા-કૌશલ્ય કો એક જેમાં અર્થ કશો નથી,
એવી જટિલ ને સૂક્ષ્મ વાદ્યયંત્ર સમી આ જિંદગી જહીં
સ્વરમેળો નિરુદ્દેશ હમેશાં ધ્વનતા રહે.

સત્ય પ્રત્યે કરી પૂઠ મન શીખે કિન્તુ એ જાણતું નથી;
બાહ્ય વિચારથી બાહ્ય નિયમોનો એ અભ્યાસ કર્યા કરે,
પગલાં અવલોકે એ જિંદગીનાં, જુએ પ્રકૃતિ-પ્રક્રિયા,
શાને માટે પ્રવર્તે એ ને શા માટે આપણે જીવીએ છીએ
ન તે એ અવલોકતું;
લે છે એ નોંધમાં એની અશ્રાંત કાળજીભરી
યોગ્ય યુક્તિ-પ્રયુક્તિને,
નાજુક વિગતોકેરી એની ધૈર્યવતી જટિલ સૂક્ષ્મતા,
યુક્તિબાજ વૃત્તિકેરી સાહસે ભર યોજના
નવીન શોધવાતણી
નકામાં ને થોકબંધ એનાં મોટાં અંતવિહીન કાર્યમાં,
સહેતુક ઉમેરે એ આંકડાઓ સરવાળે અહેતુક,
ત્રિકોણાકાર માળા એ ખડકે છે, ને ઊંચાં છાપરાં ચડે
કંડારેલા ગાઢ એણે પાયા માંડેલ તે પરે,
સૂક્ષ્મ હવામહીં કિલ્લા કલ્પેલા કરતું ખડા,
યા ચડે સ્વપ્નની સીડી ગૂઢ ચંદ્રે લઈ જતીઃ
નિર્દેશે વ્યોમ ને એને સ્પર્શે તાડે ક્ષણભંગુર સૃષ્ટિઓઃ
અસ્પષ્ટ ભૂમિતલ પે મનકેરી અવિનિશ્ચિતતાતણા
અંદાજી દુનિયાકેરી યોજના થાય છે ખડી,
યા નિર્માયે ખંડ યોજી એક અખિલ કષ્ટથી.
જેના અંશો આપણે સૌ તે બૃહત્કાય યોજના
છે અપ્રવેશ્ય ને એક રહસ્યમય ગૂઢતા;
આપણી દૃષ્ટિને ભાસે વિસંવાદે રૂપ સંવાદ એહના,
કેમ કે જે મહાવસ્તુને એ સેવે તે ન આપણ જાણતા.
વિશ્વના કાર્યકર્તાઓ કરે કાર્ય કો અગમ્ય પ્રકારથી.
આપણે જોઈએ છીએ મહાછોળકેરી માત્ર કિનારને;
આપણાં કરણો પાસે ન એ જ્યોતિ મહત્તરા,
ઈચ્છા ના આપણી તાલમેળ રાખે ઈચ્છા સાથ સનાતની,
આપણાં હૃદયોકેરી દૃષ્ટિ અત્યંત અંધ ને
આવેશોએ ભરેલ છે.

વ્યાવહારિક નૈપુણ્ય છે નિસર્ગતણું ગૂઢ પ્રકારનું
તેમાં ના આપણી બુદ્ધિ સમર્થ ભાગ પાડવા,
ન એનામાં લાયકાત ગ્રહવા વસ્તુઓતણી
નાડી ને હાર્દની ગતિ,
તાગ કાઢી શકે ના એ જિંદગીના બલિષ્ઠ સિન્ધુરાજનો,
એ તો ગણ્યે જતી માત્ર મોજાં એનાં ને ફેન અવલોકતી;
ન જાણે એ કહીંથી આ ગતિઓ સ્પર્શતી અને
પસાર થઈ જાય છે,
ન જોતી એ કહીં ધાઈ જાય મોટું પૂર ઝડપથી ભર્યું:
માત્ર તેનાં બળોને એ નહેરોએ મારગે વાળવા મથે,
ને રાખે આશ લેવાને ગતિ એની માનુષી ઉપયોગમાં:
સાધનો કિંતુ સૌ એનાં અચિત્‌કેરા નિધિમાંથી જ આવતાં.
અદૃશ્ય રૂપ ત્યાં કાર્ય કરે છે અંધકારની
રાક્ષસી વિશ્વ-શક્તિઓ,
ને માત્ર આપણે ભાગે ટીપાં થોડાં ને ધારાઓ જ આવતી.
પ્રમાણભૂત જ્યોતિથી ઘણે દૂર રહેતું મન આપણું
જતું પકડવા નાના ટુકડા માત્ર સત્યના,
અનંતતાતણા એક ખૂણાના અલ્પ ભાગમાં
આપણાં જીવનો નાની ખાડીઓ છે મહાસાગર-શક્તિની.
સચેત આપણી ચાલોકેરાં મૂળ સીલબંધ રહેલ છે,
કિંતુ છાયાળ તે સ્થાનો સાથે તેઓ નથી સંલાપ સાધતાં;
આપણા બંધુભાવી જે ભાગો છે તેમનું ન કો
સમજૂતી અનુસંધાન સાધતી;
ઉપેક્ષા કરતાં જેની આપણાં મન તે ગુહા-
ગૃહમાંથી ઉદ્‌ભવે કર્મ આપણાં.
આપણાં ગૂઢમાં ગૂઢ ઊંડાણોને ભાન પોતાતણું નથી;
આપણો દેહ સુદ્ધાં યે ભેદી એક દુકાન છે;
આપણી પૃથિવીકેરાં મૂળ જેમ
પૃથિવીનાં તળોમાં છે પડદાએ છુપાયલાં,
આપણા મનકેરાં ને જિંદગીનાં

મૂળ તેમ અદૃશ્ય રૂપ છે રહ્યાં.
નીચે ને ભીતરે ઉત્સો ગાઢ ઢાંકી છે રખાયેલ આપણા;
દીવાલ ઓથ આવેલાં બળો દ્વારા
આપણા ચૈત્ય આત્માઓનાં સંચાલન થાય છે.
સત્-તાનાં નિમ્ન ઊંડાણોમહીં એક શક્તિ કાર્ય કરી રહી
ને ન એના ઇરાદાઓતણી એ પરવા કરે;
વાપરી ન વિચારંતા વડાઓ, મુનશી તથા
આપણાં ચિંતનોનું ને લાગણીઓતણું કારણ એ બને.
ગૂઢગુહાનિવાસીઓ અવચેતન ચિત્તના,
અર્ધદગ્ધ અને ધીરા, તોતડાતા વ્યાખ્યાતાઓ દુભાષિયા,
ભાન ખાલી રાખનારા ક્ષુદ્ર એવા પોતાના રૂઢ કાર્યનું
આપણા જીવકોષોમાં નોંધાતું જે તે કાર્યે જ રચ્યાપચ્યા,
ચેતના પૂઠના ગૂઢ પ્રદેશોમાં છુપાયલા
અંધકારે છવાયેલી ગુહ્ય યાંત્રિકતામહીં,
પકડી લે ગૂઢ સંકેતાક્ષરો એ, જેના લહેકતા લયે
પસાર થાય સંદેશા વિશ્વે કાર્ય કરી રહેલ શક્તિના.
એક મર્મર આવીને જિંદગીના આંતર શ્રવણે પડે,
રંગે રાખોડિયા છે જે ગુહાઓ અવચેતને,
તહીંથી તે પ્રતિધ્વનિત થાય છે,
વાણી છલંગતી, કંપમાન થાય વિચાર, ને
આંદોલે ઉર, સંકલ્પ આપે ઉત્તર એહને
શિરાજાળ, નસો-નાડી સાદને વશ વર્તતી.
આ સૂક્ષ્મ ગાઢ સંબંધો ઊતરે છે આપણાં જીવનો મહીં;
સર્વ વ્યાપાર છે એક છૂપી રહેલ શક્તિનો.
પ્રાણનું મન છે એક ચિંતતું કઠપૂતળું:
એની પસંદગી કાર્ય છે નિસર્ગતત્ત્વકેરાં બળોતણું,
જે બળોને નથી જ્ઞાન નિજ જન્મ,
નિજ ધ્યેય, નિજ કારણરૂપનું,
ને જે મહાન ઉદ્દેશતણી સેવા થાય છે તેમના વડે
તેની ઝાંખી ન જેમને.

આ પંકિલ અને જાડયે ભરી છે જે જિંદગી માનવીતણી
અવચેતન લોકની,
ને છતાં જે તીક્ષ્ણ, ક્ષુદ્ર, અનુદાત્ત વસ્તુઓએ ભરેલ છે,
ત્યાં સેંકડો દિશાઓએ ધકેલાતું એ સચેતન પૂતળું
ધક્કો અનુભવે છે, ના કિન્તુ હાથ હાંકી એને લઈ જતા.
કેમ કે જેમને માટે સ્વરૂપો બાહ્ય આપણાં
માત્ર છે કઠપૂતળાં,
તે છદ્મમુખ ધારંતી ને કરંતી વિડંબના
ટોળીઓને જોઈ કો શકતું નથી.
આપણાં કર્મ તેમના
હાથની પકડે રે'તી ક્રિયાઓ અણજાણ છે,
આવેશપૂર્ણ સંઘર્ષો આપણા છે તમાશા મન રંજતા.
પોતાના બળના મૂળતણું જ્ઞાન પોતાનેય ન તેમને,
રહ્યા એ ભજવી ભાગ પોતાકેરો અખિલે અતિમાત્રમાં.
અંધકારતણાં કાર્યસાધનો એ છતાં જ્યોતિ વિડંબતાં,
છે સત્ત્વો તિમિરે ગ્રસ્ત, તમોગ્રસ્ત વસ્તુઓને ચલાવતાં
ઈચ્છાવિરુદ્ધ સેવે એ સમર્થતર શક્તિને.
ઓજારો જૂઠનાં દૈવયોગકેરો અકસ્માત પ્રયોજતાં,
અઘોર એક સંકલ્પકેરી નહેરો બનેલાં દુષ્ટતાભરી,
શસ્ત્રો આપણને જેઓ બનાવે તે શસ્ત્રો અજ્ઞાતનાં સ્વયં,
અધઃ પ્રકૃતિની છે જે અવસ્થા ત્યાં શક્તિના અધિકારમાં,
માને છે માનવી જેને પોતાનાં કર્મ તે મહીં
આણે છે જે દૈવકેરી અસંગતિ,
કે કાળનો કઢંગો જે તુક્કો તેને દુર્ભાગ્ય રૂપ આપતાં,
એક હાથથકી બીજે ઉછાળીને જીવનો માનવોતણાં
અસંબદ્ધ રમે છે જે રમતો ધૂર્તતાભરી.
ઊર્ધ્વના સર્વ સત્યની
વિરુદ્ધ તેમનું સત્ત્વ બંડખોર બની જતું;
આસુરી શક્તિને માત્ર સંકલ્પ તેમનો નમે.
કાબૂ બેહદ તેઓનો માનવી હૃદયો પરે,

હસ્તક્ષેપ કરે આવી એ આપણા સ્વભાવની
સઘળી વૃત્તિઓમહીં.
શિલ્પીઓ તુચ્છ નીચાણે બાંધેલાં જીવનોતણા,
સ્વાર્થ ને કામનાકેરા ઈજનેરો બનેલ એ,
કાચી માટી અને કીચકેરાં રોમાંચ માંહ્યથી
સ્થૂલ નસોતણાં જાડાં જડસાં પ્રતિકાર્યથી
બાંધે છે આપણી ખીચોખીચ સ્વેચ્છાચારકેરી ઈમારતો
ને અત્યલ્પ ઉજાળાતી વિચારોની હવેલીઓ,
યા અહંભાવનાં કારખાનાંઓ ને બજારથી
ઘેરી લે અંતરાત્માનું સૌન્દર્યે ભર મંદિર.
લઘુતાના રંગના એ કલાકારો ઝીણી વિગત જાણતા,
મીનાકારી માંડતાં એ જિંદગીના ભાણ નાટય પ્રયોગની,
યોજતાં યા ક્ષુદ્ર દુઃખાન્તિકી નાટય આપણા આયખાતણું,
કૃત્યોને ગોઠવી દેતાં, ને સંજોગ સાથ સંજોગ સાધતાં
મનોમોજી વેશકેરાં સંવિધાનોકેરો ચિત્રવિચિત્ર કૈં.
અપ્રાજ્ઞ પ્રેરનારાઓ આ ઉરોને અજ્ઞાન માનવીતણાં,
શિક્ષકો ઠોકરો ખાતી એની વાણી અને સંકલ્પશક્તિના,
નાના રોષો, લાલસાઓ, ને દ્વેષોને ચલાવતા,
બદલાતા વિચારો ને છીછરી શી લાગણીઓ જગાડતા,
મો'રાં ધારી ક્ષુદ્રભાવી માયાના રચનાર આ,
રંગે ફિક્કા રંગમંચકેરી ચિત્રી આપનારા સજાવટો,
નાટયે માનવ લીલાનાં દૃશ્યોમધ્યે ઝડપી ફેર આણતા,
રહે રોકાયલા નિત્ય આ અલ્પદ્યુતિ દૃશ્યમાં.
અશક્ત આપણે પોતે આપણું ભાગ્ય સર્જવા,
ખાલી નટતણી પેઠે બોલતા ને
ઠસ્સા સાથે પાઠ ભજવતા નિજી,
અને આ આમ ચાલે છે જ્યાં સુધી ના પૂરું નાટક થાય એ,
ને વધારે પ્રકાશંતા કાળમાં ને વધારે સૂક્ષ્મ વ્યોમમાં
થાય પ્રયાણ આપણું.
આ રીતે નિજ લાદે તે નિયમ ક્ષુદ્ર વામણો,

ને વિરોધે માનવીની ઊર્ધ્વારોહી ધીરી ઉન્નતિની ગતિ,
ને પછી મૃત્યુ દ્વારા એ
આણતા અંત અત્યલ્પ એના જીવન માર્ગનો.

ક્ષણભંગુર પ્રાણીનું આ છે જીવન નિત્યનું.
જ્યાં સુધી માનવી રૂપે પશુ છે જીવને પ્રભુ,
ને આત્માને આવરે છે જડતાનો સ્વભાવ અવચેતની,
જ્યાં સુધી બુદ્ધિની દૃષ્ટિ બાહ્યે માત્ર પ્રવર્તતી
પૃથ્વીના રસ ને હર્ષો પશુકેરા નિષેવતી,
તેના જીવનની પૂઠ ત્યાં સુધી લે એક અસાધ્ય ક્ષુદ્રતા.
જ્યારથી ચેતનાકેરો થયો જન્મ ધરા પરે,
ત્યારથી જંતુજીવે ને વાનરે ને મનુષ્યમાં
છે એનું એ જ જીવન,
મૂળ વસ્તુ નથી પામી પરિવર્તન, ને નથી
સામાન્ય જિંદગીકેરા માર્ગમાં ફેર કૈં થયો.
વધે નવા પ્રબંધો ને વધુ ઋદ્ધ વિગતોય વધે ભલે,
વિચાર છો ઉમેરાતો,
ચિંતાઓ છો ઉમેરાતી વધારે ગૂંચથી ભરી,
ધીરે ધીરે ધરે છો એ વધુ પ્રસન્નતા મુખે,
તે છતાં માનવીમાં યે જિંદગીની વસ્તુ દીન દરિદ્ર છે.
એની અંદર જાડય પ્રલંબાવ્યા કરતું પતિતા દશા;
સાફલ્યો ક્ષુદ્ર છે એનાં નૈષ્ફલ્યો નિજ આત્મનાં,
સુખો નાનકડાં એનાં વારે વારે આવતાં દુઃખમાં બને
માત્ર ચિહ્નો વિરામનાં:
જિંદગી ધારવાકેરા અધિકારાર્થ એહને
પડે છે આપવાં ભારે મૂલ્ય કષ્ટ તથા આયાસનાં અને
મૃત્યુ વેતન અંતમાં.
અચિત્‌માં ઊતરી જાતી જડતા જે મનુષ્યમાં
ને મૃત્યુના સમી નિદ્રા–છે એ આરામ એહનો.
નાની શી દીપ્તિએ એક સર્જનાત્મક શક્તિની

પ્રેરાઈ માનવી એના કાર્ય ભંગુર આદરે,
ને તો ય કાર્ય એ અલ્પજીવી કર્ત્તા કરતાં વધુ જીવતાં.
કો વાર સ્વપ્ન એ સેવે દેવોકેરા પ્રમોદી ઉત્સવોતણાં,
ને પસાર થઈ જતા
જુએ છે એ મત્ત મોજે ભરેલા હાવભાવને,
ને એનાં ક્ષીણ અંગોમાં ને મૂર્છાએ મગ્ન હૃદયમાં થઈ
પૂરે રેલાય છે જ્યારે પ્રમોદોની મિષ્ટ મોટી પ્રમત્તતા
ત્યારે ચૈત્યાત્મને એના ચીરી નાખે એવી સૈંહિક શક્તિની
મહત્તા દૃષ્ટિએ પડેઃ
શક્તિ એને અપાયેલી વૃદ્ધિ ને અસ્તિ અર્થ તે
તુચ્છ મોજ મજાઓથી ઉશ્કેરાતી, વેડફાઈ જતી વળી
એના જીવનની નાની ઘડી નાની વસ્તુઓમાં ખપી જતી.
સહચારિત્વ ટૂંકું ને વળી ઝાઝા ખટકાઓ વડે ભર્યું,
થોડોક પ્રેમ ને તે યે ઈર્ષા ને દ્વેષ સાથમાં,
સ્નેહરહિત લોકોના સમૂહોમાં મૈત્રીનો સ્પર્શ જે મળે
તેનાથી જિંદગીકેરા નાના શા નકશામહીં
આલેખાતી એની હૃદયયોજના.
જો મોટું કૈંક જાગે તો પરાકાષ્ઠા એના આનંદતાનની
કરવાને વ્યક્ત એની પાસે તારસ્વરતા પૂરતી ન 'તી,
અત્યલ્પ કાળનાં ઊંચાં ઊડણોને
સર્વકાલીનતા દેવાકેરી શક્તિ ન 'તી એના વિચારમાં.
કળાની ઝગતી જ્યોતિ એની આંખો માટે છે માત્ર રંજના,
જાદૂ સંગીતનો રોમહર્ષ ધૈર્ય હરતો હુમલો કરી.
પરેશાનીભર્યા એના શ્રમમાં ને ચિંતાના ગોલમાલમાં,
એના વિચારજૂથોના પીડનારા પરિશ્રમે,
કોઈ કોઈ વાર એના દુખતા શિરની પરે
ધરે પ્રકૃતિમાતાના શાન્ત સમર્થ હસ્ત એ,
એના જીવનના દુઃખમાંથી મુક્ત થઈ જવા.
મૌન પ્રકૃતિનું એને બચાવી લે જાતની જંત્રણાથકી;
માના પ્રશાન્ત સૌન્દર્યે છે આનંદ શુદ્ધમાં શુદ્ધ એહનો.

નવા જીવનની ઊગે ઉષા, એની
દૃષ્ટિ સામે વિશાળાં દૃશ્ય ઊઘડે;
પરમાત્માતણી ફૂંક પ્રેરે એને
કિન્તુ પાછી ફરી અલ્પ કાળમાં એ જતી રહેઃ
એ સમર્થ મહેમાન ધારવાને
માટે તેની શક્તિ નિર્માયલી ન 'તી.
એ સૌ મંદ બની રૂઢ રૂપમાં ફેરવાય છે,
કે ઉત્સાહભર્યા હર્ષો આપે એને ઉગ્ર આવેશપૂર્ણતાઃ
લાલ સંઘર્ષના રંગે એના રંગાય છે દિનો,
કામાવેગતણા ચંડ ધગારાએ
અને કિરમજીરંગી કલંકે રાગના રંગિત થાય છે;
યુદ્ધ ને ખૂન છે એની રમતો નિજ જાતિની,
મળે સમય ના એને દૃષ્ટિપાત અંતરે કરવાતણો,
શોધવા સ્વ ગુમાવેલી જાતને ને મૃત્યુ પામેલ ચૈત્યને.
ગતિ એની થતી ગોળ છેક છોટી ધરી પરે;
ઊંચે ઊડી શકે ના એ, નિજ દીર્ઘ માર્ગે કિન્તુ સર્યા કરે,
યા જો ઢસડતી કાળકેરી ચાલ જોઈ થાય અધીર તો
ભાગ્યના મંદ માર્ગે એ ત્વરા તેજસ્વિની કરે,
ને એનું દોડતું હૈયું હાંફી જાય તુરંત ને
થાકીપાકી ઢળી જતું;
યા એ ચાલ્યા કરે નિત્ય ને ન એના માર્ગનો અંત આવતો.
ભાગ્યે ચઢી શકે થોડા વિશાળતર જીવને.
સર્વે સરગમે નીચી ને સચેત
સ્વર સાથે રહે છે તાલમેળમાં.
અજ્ઞાનને ગૃહે એના જ્ઞાનનો વસવાટ છે;
એક વારેય ના એની શક્તિ સર્વસમર્થની
સમીપે કરતી ગતિ,
સ્વર્ગીય સંમુદાકેરો જવલ્લે એ મહેમાન બની શકે.
જે મહાસુખ છે સૂઈ રહેલું વસ્તુજાતમાંઃ
અને જે જાણવા મથે,

તે ફાટી નીકળે એની મહીં તુચ્છ જીવનાનંદરૂપમાં:
અત્યલ્પ આ કૃપા એનો છે આધાર નિરંતર;
એનાં ઝાઝાં અનિષ્ટોનો ભાર એ હળવો કરે,
સાધી આપે સમાધાન એનું એના નાના જગત સાથનું.
એની સામાન્ય મામૂલી ચીજોથી ખુશ એ રહે;
આશાઓ કાલની, જૂના ચકરાવા વિચારના,
જાણીતા રસ જૂના ને ઇચ્છાઓ ઓળખાણની,
ગાઢી ને સાંકડી વાડ બનાવેલી છે એણે એક એમની
રક્ષતી ક્ષુદ્ર પોતાની જિંદગીને અદૃશ્યથી;
અનંતતાતણી સાથે એનો આત્મા જે સગાઈ ધરાવતો
તે અભ્યંતરમાં એણે કરી બંધ રાખી છે નિજ જાતથી,
ગુપ્ત રહેલ પ્રભુના મહિમાઓ પૂર્યા વાડોલિયામહીં.
નાના શા રંગમંચે ને નાના શા એક નાટકે
પાઠ ભજવવા નાનો રચાયું સત્ત્વ એહનું;
સાંકડા ટુકડે એક ભૂમિકેરા
જિંદગીનો તંબૂ એનો તણાયલો,
વિશાળી દૃષ્ટિની નીચે તારાઓએ ખચ્યા વ્યોમવિરાટની.
જે સૌ કાંઈ થયેલું છે તેનો છે એ શિરોમણિઃ
આ રીતે છે બન્યો ન્યાય્ય સૃષ્ટિકેરો પરિશ્રમ;
ફળ આ જગકેરું છે, અંતિમા છે તુલાવસ્થા નિસર્ગની !
ને જો આ હોત સર્વસ્વ, ને ઉદ્દેશ બીજો કોઈ ન હોત જો,
થવું જે જોઈએ તે સૌ હાલ જે દેખાય છે તે જ હોત જો,
જો ન આ ભૂમિકા હોત જેની મધ્ય થઈ આપણ ચાલતા
દ્રવ્યમાંથી નીકળીને શાશ્વતાત્માતણા મારગની પરે,
જગતો છે રચ્યાં જેણે અને જે છે આદિ કારણ સર્વનું
તે મહાજ્યોતિની પ્રતિ,
તો જગત્ કાળની મધ્યે છે અકસ્માત માત્ર કો,
માયા છે કે પ્રપંચો છે, મોજી એક તરંગ છે,
વિરોધાભાસ છે એક સર્જનાર વિચારનો
જે અસત્ય વિરોધોની વચમાં ગતિમંત છે,

ઓજ નિર્જીવ છે એક
સંવેદના તથા જ્ઞાન માટે મથનમાં મચ્યું,
છે જડદ્રવ્ય જે લેવા સમજી નિજ જાતને
યદૃચ્છાએ મનને વાપરી રહ્યું,
છે અચિત્ ઘોર રૂપે જે ચૈત્યને જન્મ આપતું,
એવું જો આપણું સીમાબદ્ધ ચિત્ત
કહે તો તે મહીં ખોટું કશું નથી.
કોઈ કોઈ સમે લાગે કે છે સર્વ અસત્ એક સુદૂરનું:
કથામાં કોક કલ્પેલી આપણાં ચિંતનોતણી
રહીએ આપણે છીએ એવો આભાસ આપતી,
ઇન્દ્રિયાનુભવોકેરા તુક્કાઓએ ભરી યાત્રિકની કથા
મળે જેની મહીં જોડી કઢાયલી,
કે મસ્તિષ્કતણી ફિલ્મે અંકાઈ પકડાયલી,
વિશ્વને ધારણે એક ટુકડો યા ઘટના એક જે ઘટી.
ચંદ્ર નીચે અહીં એક જાગતી તો ય ઊંઘતી,
ક્ષણોને ગણતી ભૂત સમા ભાસંત કાળની,
અજ્ઞાન સ્વપ્નની મધ્યે અહંતાની પ્રતિમા સંચરી રહી.
કાર્ય-કારણના જૂઠા પરિદર્શનની મહીં,
વિશ્વાવકાશના મિથ્યાભાસી દૃશ્ય પર વિશ્વાસ રાખતી,
એક દેખાવથી બીજે દેખાવે એ તણાતી અટકયા વિના,
કયાં તે ના જાણતી પોતે, કે અકલ્પી કઈ ધારે નવાઈની.
છે સ્વપ્નગત હ્યાં સર્વ, કે અસ્તિત્વ એનું સંદેહથી ભર્યું,
સ્વપ્નદ્રષ્ટા કોણ કિન્તુ ને કયાંથી એ વિલોકતો
તે હજુ જ્ઞાત ના, યા તો માત્ર એક ધૂંધળું અનુમાન છે.
યા તો જગત છે સત્ય, કિન્તુ છીએ અતિ ક્ષુલ્લક આપણે,
અપર્યાપ્ત ઊર્જા માટે આપણા રંગમંચના.
રાક્ષસી ઘૂમરી એક કક્ષાકેરી આત્મવિહીન વિશ્વની,
ત્યાં થઈ જાય છે તન્વી વંકરેખા આપણી જિંદગીતણી,
આછા ગબડતા પુંજતણા પેટાળની મહીં
આકસ્મિક સમા એક નાના ગોલક માંહ્યથી

મન દૃષ્ટિ કરે બ્હાર ને આશ્ચર્યે થઈ લીન વિચારતું
કે પોતે કોણ છે ને સૌ વસ્તુઓ કોણ છે વળી.
ને તો યે આત્મલક્ષી છે દૃષ્ટિ એક બંદી બનેલ ભીતરે,
ને વિચિત્ર પ્રકારે જે રચાઈ છે જડ તાત્ત્વિક દ્રવ્યમાં
તેની આગળ નાનાં શાં બિન્દુઓની જે ચિત્રાકૃતિ થાય છે
તે વિશ્વાત્માતણો પાયો સચૈતન્ય બની જતી.
આવું છે આપણું દૃશ્ય તળેની અર્ધ-જ્યોતિમાં.
સંજ્ઞાએ ઓળખાતી આ દ્રવ્યકેરી અનંતતા,
આ તાત્પર્યે ભર્યું ચિત્ર કૈં વિચિત્ર, પોતાનું ક્ષેત્ર માપતી
રાક્ષસી વિજ્ઞાનવિદ્યા આગે પ્રગટ થાય છે,
જ્યારે એ મીટ માંડીને બારીક અવલોકનો
કેરી નોંધો ભણી વાળે વિચારને,
ને ગંજાવર પોતાનું બાહ્ય વિશ્વ ગણિતોને ગ્રહે ગ્રહે,
વર્તુલે ઇન્દ્રિયોકેરા પરિબદ્ધ બુદ્ધિ આવું વિલોકતી,
યા વિચારતણી બ્હોળી અગ્રાહ્ય આપ-લે મહીં
સૂક્ષ્મ વિશાળ ખ્યાલોની સટ્ટાખોટી કરંત એ
હવાઈ કલ્પનાઓ છે એનું ચલણ શૂન્યમાં,
મૂળમાં છે કયાં પાકાં મૂલ્યો એનાં આપણે તે ન જાણતા.
દેવાળિયાપણામાં આ આપણા હૃદયો કને
નિજ સંદિગ્ધ સંપત્તિ ધર્મમાત્ર રજૂ કરે,
કે પ્રબંધ વિનાના એ ફાડી આપે ચેક પરમધામના:
ત્યાં આપણી ગરીબાઈ પોતાનું વેર વાળશે.
જાય છે આપણા જીવ ઉવેખી વ્યર્થ જિંદગી,
કાળા અજ્ઞાતમાં યા તો પ્રવેશતા,
યા તો મૃત્યુતણું સાથ લઈને પારપત્ર એ
અમૃતત્વમહીં જતા.

તે છતાં આ હતી માત્ર કામચલાઉ યોજના.
મિથ્યા આભાસનું રેખાચિત્ર સીમા બાંધતી ઇન્દ્રિયે રચ્યું,
મને કરેલ પોતાની આત્મખોજ અપૂરતી,

હતો આરંભનો યત્ન હતો પ્હેલો પ્રયોગ એ.
ખિલોણું આ હતું ચિત્ત રંજવાને બાલિકા પૃથિવીતણું;
કિન્તુ ના જ્ઞાનનો અંત આવતો આ તલની શક્તિઓ મહીં,
રહે છે જે અવિદ્યાની એકાદ છાજલી પરે,
ને જે ભીષણ ઊંડાણોમહીં જોવાતણી હામ ન ભીડતી,
ને અજ્ઞાતતણું માપ લેવા ઊંચે
તાકવાનું નથી સાહસ ખેડતી.
અગાધતર છે એક દૃષ્ટિ ભીતરની મહીં,
ને જ્યારે મનના છોટા આ સીમાડા હોય છે આપણે તજ્યા
ત્યારે આપણને ભેટો વિશાળતર દૃશ્યનો
શિખરો પર થાય છે
બ્રહ્મની મીટની મોટી પ્રકાશમયતામહીં.
અંતે આપણમાં એક સાક્ષી પુરુષ જાગતો.
જોતો અદૃષ્ટ સત્યો જે ને અજ્ઞાત નિરીક્ષતો;
તે પછી સૌ ધરે રૂપ નવું અદ્‌ભુતતાભર્યું.
વેપમાન થતું વિશ્વ મર્મ મધ્યે પ્રભુકેરા પ્રકાશથી,
ઊંડે હૈયે કાળકેરા ઉચ્ચોદ્દેશો હાલે ને જીવતા બને,
સીમાઓ જિંદગીકેરી થાય શીર્ણવિશીર્ણ સૌ
ને અનંત સાથે સંયોગ પામતી.
વિશાળા, ગૂંચવાયેલી, છતાં આ સ્તબ્ધ યોજના
બની દેવોતણું જાય ભવ્ય કો એક કોકડું,
બને રમત ને કર્મ દિવ્ય અસ્પષ્ટતાભર્યું.
અલ્પજીવી પ્રયોગો છે ખોજો સકલ આપણી,
કરાતા એક નિ:શબ્દ રહસ્યમય શક્તિથી
જે અચિત્ રાત્રિમાંહેથી પોતાનાં પરિણામને
કસોટીએ ચડાવતી
કે જેથી તે જઈ ભેટે સત્ય ને સંમુદાતણા
એના જ્યોતિ:સ્વરૂપને.
સત્યતત્ત્વતણી પ્રત્યે પ્રેક્ષે છે એ દૃશ્ય રૂપમહીં થઈ;
સેવે પરિશ્રમો મર્ત્ય આપણાં મન-ઈન્દ્રિયે;

અવિદ્યાએ રચેલાં રૂપની મહીં,
શબ્દે અને વિચારે જે આલેખ્યાં છે ચિત્રરૂપ પ્રતીક ત્યાં,
સ્વરૂપો સર્વ નિર્દેશે સત્ય જે તે માટે એ શોધમાં રહે;
દર્શનાના દીપ દ્વારા જોવા માગે પ્રભવસ્થાન જ્યોતિનું;
સર્વ કર્મોતણો કર્ત્તા શોધવા કાર્ય એ કરે,
જોવા માગે અંતરસ્થ માર્ગદર્શી અસંવેદિત-આત્મને,
ને ધ્યેયરૂપ ઊર્ધ્વસ્થ અવિજ્ઞાત આત્માને જાણવા ચહે
અહીં છે તે બધું કાંઈ કામ અંધીકૃતા પ્રકૃતિનું નથીઃ
શબ્દ એક, એક પ્રજ્ઞા ઊર્ધ્વમાંથી પેખી આપણને રહી,
સાક્ષી છે એક જે એની ઇચ્છાને ને કર્મોને અનુમોદતો,
અદૃષ્ટ એક છે આંખ દૃષ્ટિહીન વિરાટમાં;
પ્રભાવ એક જે ઊર્ધ્વવર્તી તે છે પ્રકાશનો,
વિચારો દૂરના છે ને સીલબંધ શાશ્વતીઓય છે વળી;
નિગૂઢ પ્રેરતો હેતુ તારાઓ ને સૂર્યોને છે ચલાવતો.
બધિરા ને અજ્ઞ એક શક્તિમાંથી
મથંતી ચેતનાની ને ક્ષણભંગુર પ્રાણની
પ્રત્યે જે આ યાત્રા ચાલી રહી, તહીં
કાળકેરી તહેનાતે શક્તિશાળી પરા પ્રકૃતિ એક છે.
અત્યારે આપણે જેવું ધારતા ને વિલોકતા
તેથી જુદું જ છે જગત્,
આપણે હોય કલ્પી જે તેનાથી વધુ ગૂઢ કૈં
રહસ્યમયતા ઊંડી આપણાં જીવનોતણી;
પ્રભુ પ્રત્યે થતી દોડ-શરતે છે
પ્રવર્તકતણું કાર્ય કરતાં આપણાં મનો,
આત્માઓ આપણા રૂપો પરમાત્માતણાં અને
એના કાર્ય માટે નિયુક્ત હ્યાં થયા.
વિશ્વના ક્ષેત્રની મધ્યે શેરીઓ માંહ્ય સાંકડી
ભાગ્યદેવીતણે હાથે ભિક્ષા અલ્પાલ્પ માગતો,
કંથા ભિક્ષુકની ધારી એક છે સંચરી રહ્યો.
ક્ષુદ્ર આ જીવનોકેરી નાટ્ય-ભૂમિ પરેય હ્યાં

નટ-કર્મતણી પૂઠે ગુપ્ત એક છે માધુર્ય શ્વસી રહ્યું,
પ્રેરણાવેગ છે નાના રૂપમાં દેવભાવનો.
ગૂઢ ભાવાવેશ એક પ્રભુના પ્રભવોથકી
આત્માના સચવાયેલા અવકાશોમહીં વહે;
સહાય કરતી શક્તિ છે પીડાતી પૃથિવીને ટકાવતી,
અદીઠ એક સામીપ્ય, છે આનંદ છુપાયલો.
મોં-બાંધ્યાં સ્પન્દનો હાસ્યતણાં છે નિમ્નસૂરમાં,
ગુહ્ય રહેલ કો એક સુખનો મર્મરાટ છે,
નિદ્રાકેરાં અગાધોમાં છે સમુલ્લાસ હર્ષનો,
દુઃખની દુનિયામધ્યે છે હૈયું સંમુદાતણું.
શિશુ પ્રકૃતિના છન્ન હૈયે પોષણ પામતો,
મોહિનીએ ભર્યાં કુંજકાનનોમાં લીલાઓ કરતો શિશુ,
આત્માની સરિતાકેરે તીરે તીરે
બજાવી બંસરી પ્રાણ ભરી દેતો પ્રહર્ષણે,
વળીએ આપણે એના આમંત્રણતણી પ્રતિ
તે ઘડીની વાટ જોઈ રહેલ છે.
માટીની જિંદગીકેરા આ વસ્ત્ર-પરિધાનમાં
સ્ફુલિંગ પ્રભુનો છે તે ચૈત્યાત્મા જ રહે પાછળ જીવતો
ને કો કો વાર તે પાછો પડદાને ચીરીને બ્હાર આવતો
ને જે આપણને અર્ધ-દિવ્ય રૂપ બનાવતો
તે અગ્નિ પ્રજ્વલાવતો.
રાજે દેહાણુઓમાં યે આપણા કો શક્તિ એક છુપાયલી,
આ દૃષ્ટને નિહાળે જે ને કરે જે પ્રબંધ શાશ્વતીતણો,
આપણા ક્ષુદ્રમાં ક્ષુદ્ર ભાગોમાં યે
સૌથી ઊંડી અપેક્ષાઓ માટેનો અવકાશ છે;
આવી ત્યાંય શકે સ્વર્ણવર્ણ સંદેશવાહકો:
માટીની ભીંતમાં પિંડકેરી કોરી કાઢેલું એક દ્વાર છે;
નીચો ઉંબર ઓળંગી માથું નીચે નમાવતા
આનંદના અને આત્મદાનકેરા ફિરસ્તા આવતા-જતા,
ને સ્વપ્ન-મંદિરે સ્થાન લઈ ભીતરની મહીં

દેવતાપ્રતિમાકેરા નિર્માતાઓ વસે તહીં
છે દયાભાવ ત્યાં ને છે યજ્ઞ પાવક-પાંખ ત્યાં.
હમદર્દી અને કૂણા ભાવની ઝબકો તહીં
સ્વર્ગીય જ્યોતિઓ વેરે ઉરકેરા એકાંત તીર્થધામથી,
ઊંડા મૌનોમહીં એક કાર્ય કરાય છે તહીં;
અધ્યાત્મ ભાવનો ભવ્ય મહિમા ને અજાયબી,
હાસ્ય સૌન્દર્યના એક સદાના અવકાશમાં
આનંદે પલટાવંતું જગની અનુભૂતિને,
અણસ્પર્શ્યા અખાતોની રહસ્મયતાતણું
નિવાસી છે બની ગયું;
કાળના તાલથી શાન્ત પોઢેલી છે શાશ્વતી આપણીમહીં.
સંપૂર્ણ સીલબંધીએ રહ્યા હૈયે સુખસંપન્ન સાર શી,
ગક્ષુબ્ધ મૃત્યુકેરી આ બાહ્ય આકૃતિ પૂઠ છે
સત્તા સનાતની, સજ્જ અંતરે જે કર્યા કરે
તત્ત્વ પોતાતણી દિવ્ય પરમાનંદતાતણું,
રચતી રાજ્ય પોતાનું સ્વર્ગીય સુખસૃષ્ટિનું.
સંદેહશીલ અજ્ઞાન આપણા મનમાંય કો
નિઃસીમ મુક્તિની આવી જાય છે દૂરદર્શિતા,
સંકલ્પ આપણો ઊંચા કરે એના
હાથ ધીરા અને આકાર આપતા.
પ્રત્યેક આપણામાંનો ભાગ વાંછે પોતાની પરિપૂર્ણતાઃ
વિચારો આપણા રાખે લાલસા નિત્ય જ્યોતિની,
સર્વસમર્થ કો એક શક્તિમાંથી આપણું બળ આવતું,
અવગુંઠિત આનંદે ઈશકેરા છે વિશ્વો સરજાયલાં,
ને સનાતન સૌન્દર્ય રૂપની માગણી કરે,
તેથી અહીંય જ્યાં સર્વ બનેલું છે સત્-તાની રેણુકાતણું,
આપણાં હૃદયો બંદી બની જાય રૂપોની મોહિનીતણાં,
આપણી ઇન્દ્રિયો સુદ્ધાં અંધભાવે પરમાનંદ પ્રાર્થતી.
આપણી ભ્રષ્ટતા ક્રોસે ચડાવે સત્યવસ્તુનેઃ
તેથી લેવો પડે એને જન્મ હ્યાં ને

દિવ્ય દેહ ધારવો પડતો અહીં,
સ્પર્શાશ્લેષ બને શકય એવા માનવ રૂપમાં,
શ્વાસોચ્છ્‌વાસ ચાલે છે જ્યાં એવાં અંગોમહીં મૂર્ત્ત થવું પડે,
છે જે પુરાણ અજ્ઞાન તેને એના જ્ઞાને બચાવવું પડે
અચિત્ જગતને એના પરિત્રાતા પ્રકાશથી
ઉદ્ધાર આપવો પડે.
અને સાગર શો આત્મા તે મહત્તર જે સમે
આવે છે ઊતરી નીચે ભરી દેવા
આપણી આ ક્ષણભંગુર મૂર્ત્તિને,
ત્યારે રૂપાંતરપ્રાપ્ત બધું બંદી બની આનંદનું જશેઃ
આપણાં મન ને પ્રાણ, ઇન્દ્રિયગ્રામ આપણો,
સ્વપ્નેય ગમ્ય ના એવી મુદાની ઊર્મિઓમહીં
આળોટશે અને હાસ્ય કરશે એક જ્યોતિમાં,
જ્યોતિ જે આપણા માઠા મિત માનવના દિનો
થકી છેક જ છે જુદી,
પામી દેવત્વ રોમાંચો લહેશે દ્રવ્ય દેહનું,
અધીન અણુઓ થાશે પલટાને પ્રકાશતા,
કાળનો ક્ષુદ્ર આ જીવ છાયાત્મા આ,
કાળા સત્ત્વતણી ખર્વ જીવતી આ નામરૂપમયી કૃતિ,
પોતાનાં ક્ષુદ્ર સ્વપ્નાંના વ્યાપારોની મહીંથી ઊર્ધ્વ આવશે.
આકાર વ્યક્તિનો એનો, એની 'હું'-વદનાકૃતિ
છૂટી વિડંબનામાંથી એના આ મર્ત્ય ભાવની,
માટી ગૂંદી બનાવેલી દેવતામૂર્ત્તિના સમો,
નવનિર્મિત આકારે નિત્યના અતિથિતણા,
એક શુભ્રા શક્તિકેરે હૈયે ચંપાઈ એ જશે,
આધ્યાત્મિક અને મીઠી કૃપાકેરી ગુલાબી દીપ્તિની મહીં
સ્વર્ગીય સ્પર્શથી પોતે દીપ્તિમંત બની જશે.
અસીમ પલટાકેરા રાતા રાગાનુરાગમાં
સ્પંદશે, જાગશે, મોટી મુદાએ એ પ્રકંપશે.
જાદૂ વિકૃતિનો જાણે હોય એ ઉલટાવતો,

તમે રાત્રિતણા ઘોર અને કાળા જાદૂથી મુક્તિ મેળવી,
દાસત્વને પરિત્યાગી અંધારા ઘોરગર્તના,
અદૃષ્ટ જે રહેતો 'તો ઉરે તેને અંતે એ જાણતો થશે,
અને ભક્તિભર્યે હૈયે વશ આશ્ચર્યને થઈ,
સભાન નમશે સિંહાસનારૂઢ પ્રભુના બાલરૂપને,
સૌન્દર્ય, પરમાનંદે અને પ્રેમે પ્રકંપશે.
કિંતુ જે ખાઈમાંથી છે ઊઠી પ્રકૃતિ આપણી
તેમાંથી સાધવાનું છે પહેલાં તો
આત્માકેરું ઊર્ધ્વારોહણ આપણે.
આત્માએ ઊડવાનું છે સપ્રભુત્વ રૂપની પાર ઊર્ધ્વમાં,
અને આરોહવાનું છે મનની અર્ધ-ઊંઘની
પારનાં શિખરો પરે;
આપણે કરવાનાં છે
દેવતાઈ બળે હૈયાં અનુપ્રાણિત આપણાં,
પશુ આક્રામવાનું છે અણચિંત્યું નિગૂઢે સ્થિત દેવથી.
પછી યજ્ઞતણી સ્વર્ણ જ્વાલા પ્રજ્વલિતા કરી,
બોલાવી શક્તિઓ શુભ્ર ઊર્ધ્વના ગોલકાર્ધની,
આપણે આપણી મર્ત્ય દશાકેરી નામોશીને મિટાવશું,
સ્વર્ગાવતારને માટે ગર્ત ઊંડો માર્ગરૂપ બનાવશું,
ઓળખાણ કરાવીશું ઊંડાણોને પરમોચ્ચ પ્રભાતણું
ને તમિસ્ર વિદારીશું વહ્નિથી ગૂઢ વિશ્વના.

એક વાર ફરીથી એ જન્મસ્થાનીય ધુમ્મસે
જોખમી ધૂંધ ને અર્થગર્ભ સંભ્રમ વીંધતો
એ ચાલ્યો સૂક્ષ્મ-આકાશી અંધાધૂંધીમહીં થઈ
કાપી માર્ગ બનાવતો:
દૈત્યદેવોતણાં ભૂરાં મોં હતાં આસપાસ ત્યાં,
ભૂતો ભડકતાં, તેના હતા પ્રશ્ન કરતા મર્મરાટ ત્યાં,
ઘેરી રહ્યા હતા જાદૂ ધારાવાહિક શક્તિના.
વિના દોરવણી જેમ કોઈ ચાલે અજાણ્યાં ક્ષેત્રની મહીં,

કયાં વળી જાય છે પોતે ને કઈ આશ રાખતો
તે વિષે કૈં ન જાણતો,
તેમ એ પગની નીચે ધબી જાતી ધરા પરે
પગલાં માંડતો હતો,
ભાગતા લક્ષ્યની પ્રત્યે પાષાણ-દૃઢતા ધરી
કર્યે જાતો મુસાફરી.
રેખા અદૃશ્ય થાનારી અવિસ્પષ્ટ અમેયમાં
એની પૂઠે રહેતી 'તી તેજોબિન્દુતણી બની;
પોકાર જ્યોતિની સામે કરનારા ધવાયેલા તમિસ્રમાં
અશરીરી મર્મરાટ પડખે ચાલતો હતો.
અંતરાય મહાકાય ગતિહીન હૈયું એનું બન્યું હતું,
જેમ જેમ વધ્યો એ ત્યાં તેમ તેમ એક અપારદર્શિતા
ચોકી પે'રો રાખનારી વિરોધી વૃત્તિ રાખતી
મૃત ને તાકતી આંખોકેરો ઓઘ ગુણાકારે વધારતી;
હતો ઝબકતો અંધકાર એક મરી જાતી મશાલ શો.
આસપાસ હતા ભૂતભડકાઓ બુઝાયલા,
અવિસ્પષ્ટ અચિત્કેરી અંધકારી ને અગાધ ગુહામહીં
છાયારૂપો વસ્યાં 'તાં ત્યાં ભરમાવી વિમાર્ગોએ લઈ જતાં.
રાજાના આત્મની જ્વાળા
એને માટે હતો એકમાત્ર સૂર્યપ્રકાશ ત્યાં.

પાંચમો સર્ગ સમાપ્ત